# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૧૦/૨૦૨૬ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા:–** **સમાચાર યાદી નં.૧૪૦૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૫ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલા હેઠળ અટકાયત:–** **સમાચાર યાદી નં.૧૪૦૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી:–** **સમાચાર યાદી નં.૧૪૦૬/૨૦૨૬**

**સાયબર ક્રાઈમ:** ખુશાલસિંઘ ખેમસિંઘ રાજપુત (ઉ.વ.૬૫)(રહે.ભક્તિરાજ બંગ્લોઝ, એસ.પી.રીંગ રોડ પાસે, નિકોલ) એ તા.૦૫/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૨૬ થી તા.૦૪/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઈલ નંબર +91 7090229049 ઉપરથી ખુશાલસિંઘના વોટ્સએપ ઉપર મેસેજ દ્વારા BOI PAN CARD UPDATE.apk નામની ફાઈલ મોકલતા તે ફાઈલ ડાઉનલોડ કરતા ફાઈલ મોકલનાર વ્યક્તિએ ખુશાલસિંઘના મોબાઈલ ફોનનો એક્સેસ મેળવી લઈ તેમના bank of India બેંકના ખાતામાંથી જુદા–જુદા પાંચ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂપિયા ૫,૧૯,૫૦૬/– ટ્રાન્સફર કરી લઈ ખુશાલસિંઘ રાજપુત સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટ:** પરાગભાઈ વિષ્ણુભાઈ પટેલ (ઉ.વ.૩૪)(રહે. સ્કાય લાઈટ ફ્લેટ, ગપ્પા ગાર્ડનની બાજુમાં, તા.કડી જી.મહેસાણા) તા.૦૫/૧૦/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૦/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સોલા ભાગવત મંદીર તથા નેહા એપાર્ટમેન્ટ ચાણક્યપુરી ઘાટલોડીયા ખાતે આરોપી રોહિત નટવરલાલ શર્મા (ઉ.વ.૪૬)(રહે. નેહા એપાર્ટમેન્ટ ચાણક્યપુરી ઘાટલોડીયા) એ પરાગભાઈ પટેલને વિશ્વાસમાં લઈ પરાગભાઈ પટેલની પત્નીના ફીનલેન્ડ દેશના વર્ક પરમીટ વિઝા કરી આપવાનું કહી પરાગભાઈ પાસેથી ટુકડે–ટુકડે કુલ રોકડ રૂપિયા ૨૮,૦૦,૦૦૦/– મેળવી લઈ, ફીનલેન્ડ દેશમાં નોકરી માટેનો ખોટો ઓફર લેટર તથા વર્ક પરમીટ વિઝા તથા ફીનલેન્ડ દેશમાં રહેવા માટેની રીસીપ્ટ વોટ્સઅપ કરી, ઓરીઝનલ દસ્તાવેજો નહી આપી તેમજ લિધેલ રૂપિયા પરત નહી આપી પરાગભાઈ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**શહેરકોટડાઃ** તેજલબહેન મેહુલકુમાર સોલંકી (ઉ.વ.૩૩) ( રહે. મહાકાળી ચોક પ્રેમનગર મેમ્કો) એ અગમ્ય કરણસર તા.૦૫/૧૦/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સાગરભાઇ શંકરભાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** જીતેન્દ્રભાઇ હરીભાઇ પરમાર (ઉ.વ.૪૫) (રહે. ભારતીયનગર રખિયાલ રોડ ગોમતીપુર) એ અગમ્ય કરણસર તા.૦૩/૧૦/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને બાપુનગર જનરલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાહુલકુમાર પ્રહલાદભાઇ ચલાવે છે.

**રામોલઃ** મુનાવરહુસેન સાબીરહુસેન મલેક (ઉ.વ.૩૫) (રહે. ઇસ્લામાબાદ સોસાયટી ગલી નંબર–૭ રામોલ ગામ) એ અગમ્ય કરણસર તા.૦૪/૧૦/૨૦૨૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૧૦/૨૦૨૬ કલાક ૦૦/૨૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભુપેન્દ્રભાઇ શાંતિલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી